# ડિજિટલ મીડિયાની
# આચાર સંહિતા

ઈન્ફર્મેશન ટેકનોલોજી ઈન્ટરમીડિયરી ગાઇડલાઇન્સ અને ડિજિટલ મીડિયા આચાર સંહિતા) નિયમ 2021 હેઠળ

## વારંવાર પૂછાતા પ્રશ્નો



માહિતી
અને
પ્રસારણ મંત્રાલય

# વારંવાર પૂછાતા પ્રશ્નો

**પરિચ્છેદ 1  મૂળભૂત માહિતી**

**1.ઈન્ફર્મેશન ટેકનોલોજી (માહિતી પ્રોદ્યોગિકી) (ઈન્ટરમીડિયરી ગાઇડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ - મધ્યવર્તી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા આચાર સંહિતા) નિયમ, 2021નું મહત્ત્વ શું છે ?**

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ડિજિટલ માધ્યમો વિકસ્યાં છે. ઓનલાઈન ન્યુઝ પોર્ટલ્સ, ઓટીટી પ્લેફોર્મ્સ, વગેરે જેવા ઘણા નવા હિતધારકો ઈન્ટરનેટ ઉપર સામાન્ય બન્યા છે. આ નિયમો આ એકમોને સંસ્થાકીય વ્યવસ્થાતંત્ર પૂરું પાડે છે, નાગરિકોને સશક્ત બનાવે છે અને પ્રેસ તેમજ કળાકારો સહિત નાગરિકોના વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યને સમર્થન આપવાની સાથે સાથે બાળકોને સંભવિત નુકસાનકારક સામગ્રીથી રક્ષણ આપે છે. આ નિયમો ભારતમાં માધ્યમો અને મનોરંજન ક્ષેત્રનો સાતત્યપૂર્ણ અને લાંબા ગાળાનો વિકાસ સુનિશ્ચિત કરશે અને ડિજિટલ માધ્યમો ઉપર સમાચાર માધ્યમોની વ્યક્તિઓને ઓળખ અને તકો આપશે.

**2.નિયમો કઈ ધારા હેઠળ ઘડવામાં આવ્યા છે ? તે સંસદમાં રજૂ કરાશે ?**

ધ ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ, 2000 સંસદ દ્વારા મંજૂર કરાયેલો કાયદો છે. આ કાયદા હેઠળ નિયમો ઘડવામાં આવ્યા છે અને તેને સંસદમાં રજૂ કરાશે.

**3.આ નિયમો કઈ તારીખથી અમલમાં આવશે ? ડિજિટલ સમાચારોના પ્રકાશકો અને ઓટીટી પ્લેટફોર્મ્સ માટે ક્યારથી લાગુ પડશે?**

નિયમો 25મી ફેબ્રુઆરી, 2021ના રોજથી અમલી બન્યા છે.

**4. આ નિયમોને હું વિગતવાર ક્યાં વાંચી શકું ?**

મંત્રાલયની વેબસાઈટ ઉપર આ નિયમો ઉપલબ્ધ છે https://mib.gov.in/digitalmedia/information-tecnology-inter- mediary-guidelines-and-digital-media-ethics-code-rules-2021

## પરિચ્છેદ 2: મૂળભૂત પરિભાષા અને નિયમોનો અવકાશ

### 5. ઈન્ફર્મેશન ટેકનોલોજી (મધ્યવર્તી માર્ગદર્શિકા અને ડિજિટલ માધ્યમોની આચાર સંહિતા) નિયમો, 2021 હેઠળ કઈ કંપનીઓ આવે છે ?

આ નિયમો સમાચાર અને વર્તમાન બાબતોના પ્રકાશકો, ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટ (સામાન્ય રીતે ઓટીટી પ્લેટફોર્મ્સ તરીકે ઓળખાતી સામગ્રી) અને ઈન્ટરમીડિયરીઝના પ્રકાશકોને લાગુ પડે છે.

## ડિજિટલ મીડિયાની આચાર સંહિતા

## મુખ્ય બાબતો



- મધ્યસ્થીઓ દ્વારા ભારે
- ફરિયાદ નિવારણનું ત્રિ-સ્તરીય વ્યવસ્થાતંત્ર
- પ્રકાશકો માટે આચારસંહિતા
- માહિતી જાહેર કરવી

### 6. આ નિયમો ઉપર ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા અમલી બનશે કે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ?

આ નિયમોનું સંચાલન ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા કરાય છે. પાર્ટ થ્રી ડિજિટલ સમાચારોના પ્રકાશકોઅને ઓટીટી પ્લેટફોર્મ્સ સંબંધિત છે અને તેનું સંચાલન માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરાશે.

## ડિજિટલ માધ્યમોની આચાર સંહિતા
# ફાયદા અને પરિણામો
## નાગરિકો અને સમાજ માટે



પત્રકારત્વ અને
મનોરંજનની વધુ સારી સામગ્રી

**બાળકોને રક્ષણ**

પહોંચ ઉપર નિયંત્રણ અને વયની ચકાસણી




જાણકાર પસંદગી,
અસરકારક ફરિયાદ નિવારણ

**ખોટી માહિતીના ફેલાવા ઉપર અંકુશ**

ડિજિટલ સમાચારોના પ્રકાશકોની જવાબદારી

ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટના પ્રકાશકો સામાન્ય રીતે ઓટીટી પ્લેટફોર્મ્સ તરીકે ઓળખાય છે. તેમાં નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઇમ, ઝીફાઇવ, ઓલ્ટ બાલાજી વગેર જેવા ઉદાહરણો સામેલ છે. આ પ્રકાશકો પોતાનાં પ્લેટફોર્મ્સ ઉપર કાર્યક્રમો, ફિલ્મો, વેબ-સીરીઝ વગેરેની વિવિધતા નક્કી કરે છે અને દર્શકોને તે ઉપલબ્ધ બનાવે છે.

**09. ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટ એટલે શું ?**

ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટ એટલે ફિલ્મો, વેબ-સીરીઝ, વગેરે જેવી ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રી, જે ઓટીટી પ્લેટફોર્મ્સ દ્વારા દર્શકોની માગને આધારે ઉપલબ્ધ બનાવાય છે.

**10. ઈન્ટરનેટ ઉપરની કઈ સામગ્રીને માગને આધારે ઉપલબ્ધ (અવેલેબલ ઓન ડિમાન્ડ) તરીકે ઓળખાવાય છે ?**

એવી સામગ્રી, જે વપરાશકાર, સબ્સક્રાઇબર કે દર્શક પોતે પસંદ કરેલા સમયે જાતે પસંદ અને ઉપલબ્ધ કરે તેમજ કરી શકે તેને અવેલેબલ ઓન ડિમાન્ડ (માગને આધારે ઉપલબ્ધ) કહેવાય.

**11. ઈન્ટરનેટ ઉપર વિવિધ સાંપ્રત ઘટનાઓ વિશે પોતાનાં મંતવ્યો રજૂ કરનારા સહિતના વિવિધ પ્રકારની સામગ્રી મૂકતા સામાન્ય વપરાશકારો પણ પ્રકાશકો કહેવાય ?**

ઈન્ટરનેટ ઉપર સામગ્રી મૂકતા સામાન્ય વપરાશકારો સમાચારો અને સાંપ્રત ઘટનાઓની સામગ્રીના પ્રકાશકની વ્યાખ્યા હેઠળ આવતા નથી, પરંતુ તેઓ કોઈ પદ્ધતિસર, વ્યવસ્થિત બિઝનેસ પ્રવૃત્તિ કરતા હોવા જોઈએ નહીં.

**12. આ નિયમો ફક્ત પ્રકાશકોની વેબસાઈટ્સને જ લાગુ પડે છે ?**

પ્રકાશકોએ પ્રસાર માટે ઉપયોગમાં લેવામાં આવતાં સાધનોને લઈને માહિતીને ધ્યાનમાં લીધા વિના પ્રસારિત થતી સામગ્રીના સંદર્ભમાં નિયમોનું પાલન કરવું જરૂરી છે.

## પરિચ્છેદ 3: સમાચારો અને સાંપ્રત બાબતોના પ્રકાશકો માટેની આચારસંહિતા

### 13. ડિજિટલ સમાચાર પ્રકાશકો માટેની આચાર સંહિતા શી છે ?

- પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પત્રકારત્વની આચારસંહિતાના નિયમો https://presscouncil.nic.in/WriteReadDa- ta/Pdf/NORMSTWOZEROONEININE.pdf
- કેબલ ટેલીવિઝન નેટવર્કસ (રેગ્યુલેશન) એક્ટ, 1995ની કલમ પાંચ હેઠળ કાર્યક્રમ સંહિતા (પ્રોગ્રામ કોડ) https://www.mib.gov.in/broadcasting/programme-and-adver-tising-codes
- જે-તે સમયે કોઇ પણ કાયદા હેઠળ જે સામગ્રી પ્રતિબંધિત હોય, તે પ્રકાશિત કે પ્રસારિત ન થવી જોઈએ.

### 14. આચાર સંહિતા સમાચાર પ્રકાશકો ઉપર નવાં નિયંત્રણો લાદશે ?

ડિજિટલ સમાચાર પ્રકાશકો માટેની આચારસંહિતા એ નિયત કરે છે કે તેઓ હાલના કાયદાને અનુસરે છે, તેમાં કોઇ નવા કાયદા કે નિયમનો જણાવાયેલા નથી. સમાચારોની કેટલીક વેબસાઇટ્સ પ્રિન્ટ અને ટીવી સમાચાર માધ્યમોના નિયમો અનુસરી રહી હોવાથી આચાર સંહિતા ફક્ત એ પરિપ્રેક્ષ્યમાં મુકાયેલી છે કે ડિજિટલ સમાચારો પત્રકારત્વની સંહિતા (અખબારોને લાગુ) અને કેબલ ટેલીવિઝન નેટવર્કસ રેગ્યુલેશન એક્ટ હેઠળની કાર્યક્રમ સંહિતા (ટીવીને લાગુ)ને અનુસરે છે, જેથી સમાચાર માધ્યમ ઉધોગમાં સ્પર્ધાનું સમાન સ્તર સર્જાય.

## ડિજિટલ મીડિયાની આચાર સંહિતા

# ફાયદા અને ફળશ્રુતિ

## ડિજિટલ સમાચાર પ્રકાશકો






### પરિચ્છેદ 4: ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટ (ઓટીટી પ્લેટફોર્મ્સ)ના પ્રકાશકો માટેની આચારસંહિતા

**15. ઓટીટી પ્લેટફોર્મ્સ માટેની આચારસંહિતા શું છે ?**

ઓટીટી પ્લેટફોર્મ્સ માટેની આચારસંહિતામાં નીચેનાં પરિબળો સામેલ છે:

પ્રતિબંધિત સામગ્રી અને પ્લેટફોર્મ્સે વિશેષ સાવચેતી અને વિવેકબુદ્ધિ રાખવાની જરૂર હોય તે સંદર્ભની સામગ્રી સંબંધિત સામાન્ય સિદ્ધાંતો.

- વિવિધ વય-આધારિત કેટેગરીઝ અનુસાર સામગ્રીનું વર્ગીકરણ અને સામગ્રીનું રેટિંગ
- સામગ્રીનું વર્ગીકરણ દર્શાવવું અને સામગ્રીની વર્ણાત્મક રજૂઆત કરવી
- વય- ગેડિંગ, પેરેન્ટલ લોક્સ અને વય ચકાસણીનું તંત્ર - બાળકો ચોક્કસ સામગ્રી મેળવી શકે નહીં તે માટેનાં નિયંત્રણો માટેનું તંત્ર પ્રસ્થાપિત કરવું
- વિકલાંગો માટે સામગ્રીની ઉપલબ્ધિ સુધારવાનાં પગલાં લેવાં

**16. આચારસંહિતાના ભાગરૂપે ઓટીટી પ્લેટફોર્મ્સ દ્વારા કયા સામાન્ય સિદ્ધાંતો ધ્યાનમાં રાખવાની જરૂર છે ?**

આચારસંહિતાના ભાગરૂપે ઓટીટી પ્લેટફોર્મ્સ દ્વારા ધ્યાનમાં રાખવાના સામાન્ય સિદ્ધાંતો આ મુજબ છે:

- કોઈ પણ કાયદા અથવા કોઈ પણ સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી અદાલત દ્વારા પ્રતિબંધિત હોય તેવી કોઈ પણ સામગ્રી પ્રકાશિત ન કરવી.

- ભારતની અખંડતા અને સાર્વભૌમત્ત્વને અસર કરતી, દેશની સુરક્ષાને પડકારતી, જોખમમાં મુકતી કે સંકટમાં મુકતી, ભારતના વિદેશો સાથેનાં મૈત્રીપૂર્ણ સંબંધોને હાનિકારક હોય તેવી અથવા તો જાહેર કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં વિક્ષેપ પાડતી કે હિંસા ભડકાવતી હોય તેવી સામગ્રી સંદર્ભે જે-તે સામગ્રીની અસરોને ધ્યાન ઉપર લઇને અત્યંત સાવધાની રાખવી અને વિવેકબુદ્ધિ વાપરવી,

- કોઈપણ સંસ્કૃતિ કે ધર્મના જૂથના વિચારો, પ્રવૃત્તિઓ, માન્યતાઓ કે રિવાજો રજૂ કરતી વખતે ભારતનાં બહુસાંસ્કૃતિક અને બહુધાર્મિક સંદર્ભને ધ્યાનમાં રાખીને પૂરતી સાવચેતી અને વિવેકબુદ્ધિ વાપરવી.

**17. ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટ સાથે દર્શાવવા જોઈએ તે સામગ્રીનાં વિવિધ પરિબળો કયા છે?**

ઓટીટી પ્લેટફોર્મ્સે પ્રત્યેક સામગ્રી કે કાર્યક્રમ, વેબ સીરીઝ, વગેરે માટે વય-આધારિત સામગ્રીનું રેટિંગ અને સામગ્રીનું વર્ણન દર્શાવવું ફરજિયાત છે. જો લાગુ પડતું હોય તો પ્રકાશકે કાર્યક્રમની શરૂઆતમાં દર્શકોના વિવેકાધિકાર વિશે સલાહ આપતું બોધપત્ર પણ દર્શાવવું જોઈએ.

**18. પાંચ સ્તરીય વય આધારિત વર્ગીકરણનો માપદંડ ઉપયોગમાં લેવા માટેનો આધાર શો છે ? તે વપરાશકર્તાઓને કેવી રીતે મદદરૂપ નીવડે ?**

આંતરરાષ્ટ્રીય પદ્ધતિને આધારે વય આધારિત વર્ગીકરણનો માપદંડ બાળકોને સંભવિત સંવેદનશીલ કે નુકસાનકારક સામગ્રીથી રક્ષણ આપવાના ઈરાદાથી છે. બાળકોનાં મનોઘડતર અને મનોવિકાસમાં શિક્ષણ અને માધ્યમો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હોવાથી પાંચ વય-આધારિત માપદંડો માતા-પિતાને સામગ્રીનો ઉપયોગ કરવા બાળકોને મંજૂરી આપવી કે નહીં તેનો માહિતગાર નિર્ણય લેવામાં મદદ કરશે.

**19. ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટ જેના હેઠળ વર્ગીકૃત થવાનું છે, તે વિવિધ વય-આધારિત માપદંડો કયા છે ?**

ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટને નીચે દર્શાવેલી વય-આધારિત રેટિંગ શ્રેણીમાં વર્ગીકૃત કરાશે ઃ

| અનુક્રમ નંબર | સામગ્રીનો પ્રકાર (કોના માટે યોગ્ય) | વર્ગીકરણ |
|---|---|---|
| 1 | અનિયંત્રિત ઉપલબ્ધતા, કોઈ પણ વય અને પરિવાર માટે મૈત્રીપૂર્ણ | **U** |
| 2 | સાત વર્ષ અને તેનાથી વધુ વયના લોકો માટે, અને સાત વર્ષથી ઓછી વયના લોકો વડીલના માર્ગદર્શન હેઠળ નિહાળી શકે | **U/A 7+** |
| 3 | 13 વર્ષ કે તેથી વધુના લોકો માટે, અને 13 વર્ષથી ઓછી વયના લોકો વડીલના માર્ગદર્શન હેઠળ નિહાળી શકે | **U/A 13+** |
| 4 | 16 વર્ષ કે તેથી વધુ વયના લોકો માટે, અને 16 વર્ષથી ઓછી વયના લોકો વડીલના માર્ગદર્શન હેઠળ નિહાળી શકે. | **U/A 16+** |
| 5 | પુખ્ત વયના લોકો માટે મર્યાદિત | **A** |

**20. ઓટીટી પ્લેટફોર્મ્સ ઉપર કોઈ સેન્સરશીપ છે ?**

નિયમોમાં સેન્સરશીપની જોગવાઈ ધરાવતા કોઈ નિયમો નથી. ઓટીટી પ્લેટફોર્મ્સ દ્વારા રજૂ થતી સામગ્રી તેમના પોતાના દ્વારા જ વર્ગીકૃત કરવાની રહેશે.

**21. સામગ્રીના વર્ગીકરણ માટે કયાં પરિબળો ધ્યાન ઉપર લેવાં જોઈએ ?**

સામગ્રી આ આધારોને ધ્યાનમાં રાખીને વર્ગીકૃત કરી શકાય: 1) વિષયવસ્તુ અને સંદેશા, 2) હિંસા, 3) નગ્નતા, 4) સેક્સ, 5) ભાષા, 6) ડ્રગ અને નશીલા પદાર્થોના દુરુપયોગ, અને 6) ભય. આ બાબત નિયમોના અનુચ્છેદમાં જણાવવામાં આવેલા છે.

**22. કાર્યક્રમના સામગ્રી વર્ણનમાં કઈ વિગતો રજૂ કરવી જોઈએ ?**

સામગ્રીનું વર્ણન ફિલ્મ, વેબ-સીરીઝ વગેરેના વિવિધ પાસાં રજૂ કરતાં હોવાં જોઈએ. આ પાસાંઓ ગેરકાયદેસર અથવા હાનિકારક પદાર્થોના નિરૂપણ, અનુકૂળ વર્તન, નગ્નતા, ભાષા, સેક્સ, હિંસા, ભય, ધમકી, હોરર વગેરે સંબંધિત હોઈ શકે છે.

**23. સંભવિત સંવેદનશીલ સામગ્રી બાળકો જુએ નહીં, તે કેવી રીતે સુનિશ્ચિત કરી શકાય ?**

‘U/A 13+’ અથવા તો તેનાથી ઉપરનું રેટિંગ ધરાવતી સામગ્રી માટે ઓટીટી પ્લેટફોર્મે પેરેન્ટલ લોક્સ જેવી ઉપલબ્ધિ ઉપર અંકુશ માટેની વ્યવસ્થા સ્થાપવાની રહેશે. ‘A’ રેટિંગ ધરાવતી સામગ્રી માટે તેવી સામગ્રીના દર્શકો માટે વિશ્વસનીય વય ચકાસણી વ્યવસ્થા અમલી કરવાની રહેશે.

**24. આ નિયમો ભારતમાં ઓટીટી ઉદ્યોગના વિકાસને કેવી રીતે પ્રોત્સાહન આપશે ?**

આ નિયમોને પગલે ડિજિટલ માધ્યમોની ઈકોસિસ્ટમ વધુ વિકાસ પામશે. સ્થિર સંસ્થાકીય વ્યવસ્થાતંત્ર રોકાણો આકર્ષવામાં, ખાસ કરીને ઓટીટી ક્ષેત્રમાં રોજગાર સર્જન અને ઝુંબેશ વધારવામાં તેમજ એકંદરે દ્રશ્ય-શ્રાવ્ય સેવાઓના ક્ષેત્રે મોખરે રહેવામાં સહાયક નીવડશે.

**25. સૂચિત આચાર સંહિતા કળાકારનાં સ્વાતંત્ર્ય અને સર્જનાત્મકતાને કેવી રીતે પ્રોત્સાહિત કરશે ?**

સરકાર કળાકારોની સ્વતંત્રતા અને વાણી તેમજ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકાર પ્રત્યે પ્રતિબદ્ધ છે. આ નિયમો સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનની કોઇ પણ પ્રકારની સંડોવણી વિના ઓટીટી પ્લેટફોર્મ્સ દ્વારા સામગ્રીનું સ્વયં-વર્ગીકરણ ઉપલબ્ધ બનાવે છે. આ સંદર્ભે સર્ટિફિકેશન માટે બોર્ડની માર્ગદર્શિકા પણ નિયમોમાં ઉપલબ્ધ છે. એટલે, આ નિયમો મનોરંજન ક્ષેત્રે કળાકારોની સર્જનાત્મકતાની અભિવ્યક્તિ અને સામગ્રીની ગુણવત્તા વધારવા માટેની તકો વધારશે.

**26. આ નિયમો ઓટીટી પ્લેટફોર્મ્સ માટે વપરાશકારોની પસંદગીને પ્રોત્સાહિત કરવાનું કેવી રીતે શક્ય બનાવશે?**

આ નિયમો દર્શકો અને વપરાશકારોને સશક્ત બનાવે છે. નિયમોમાં ઓટીટી પ્લેફોર્મ્સ દ્વારા રેટિંગ અને સામગ્રીનું વર્ણન રજૂ કરવાની સાથે તેઓ સ્વ-વર્ગીકરણ કરી શકે છે. આ માળખાથી દર્શકો સામગ્રી નિહાળવાનું પસંદ કરવા માટે માહિતગાર નિર્ણયો લઈ શકે છે. ચોક્કસ સામગ્રી માટે પહોંચ ઉપર અંકુશ અને વય ચકાસણીનું વ્યવસ્થાતંત્ર, માતા-પિતાને પોતાનાં બાળકોનું સંભવિત હાનિકારક સામગ્રીથી રક્ષણ કરવામાં પણ મદદગાર નીવડશે.

## પરિચ્છેદ 5: ફરિયાદ નિવારણ વ્યવસ્થાતંત્ર

### 27. ડિજિટલ માધ્યમો ઉપર સામગ્રી સંદર્ભે લોકોની ફરિયાદોના ઉકેલ માટેના સંસ્થાકીય વ્યવસ્થાતંત્રનાં ત્રણ સ્તર કયાં છે ?

લોકોની ફરિયાદોનું નિવારણ નિર્ધારિત સમયમર્યાદામાં કરવામાં આવશે. આ માટે નિયમોમાં ત્રણ સ્તરનું માળખું ઘડવામાં આવ્યું છે:-

- સ્તર 1 - પ્રકાશકો દ્વારા સ્વ-નિયમન
- સ્તર 2 - પ્રકાશકોની સ્વ-નિયમનકારી સંસ્થાઓ દ્વારા સ્વ-નિયમન
- સ્તર 3 - કેન્દ્ર સરકારનું નિરીક્ષણ વ્યવસ્થાતંત્ર

### 28. સ્વ-નિયમનકારી વ્યવસ્થાતંત્રમાં પ્રકાશકોને કેવા પ્રકારની સ્વતંત્રતા મળે છે ? શું વ્યવસ્થાતંત્રનો અંકુશ સરકારના હાથમાં છે ?

સંસ્થાકીય વ્યવસ્થાતંત્ર બે સ્તરે સ્વ-નિયમન સ્થાપિત કરે છે - પહેલા સ્તરમાં પ્રકાશકો પોતે જ નિયમન કરે છે અને બીજા સ્તરમાં સ્વ-નિયમનકારી સંસ્થા-એકમ નિયમન કરે છે. સ્વ-નિયમનકારી સંસ્થા કે એકમ, એવી ઔદ્યોગિક સંસ્થા હશે, જે પ્રકાશકોએ પોતે જ રચી હોય. તેનું વડપણ સર્વોચ્ચ અદાલત અથવા વડી અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ અથવા તો ઉદ્યોગ સંબંધિત ક્ષેત્રોના પ્રતિષ્ઠિત વ્યક્તિ અધ્યક્ષ પદેથી કરશે. આ સંસ્થા પ્રતિષ્ઠિત અને ઊંચા દરજ્જાની હશે. જો પહેલા બે સ્તર ફરિયાદનું નિવારણ કરવામાં અસફળ નીવડે તો ત્રીજા સ્તરમાં સરકાર નિરીક્ષણ વ્યવસ્થાતંત્ર મારફતે હળવી ભૂમિકા નિભાવશે.

**29. ફરિયાદોના નિવારણમાં પ્રકાશક (પ્રથમ સ્તરમાં)ની ભૂમિકા શી હશે ?**

પ્રત્યેક પ્રકાશકે ફરિયાદ નિવારણનું વ્યવસ્થાતંત્ર સ્થાપવાનું રહેશે અને સમયમર્યાદા આધારિત પદ્ધતિએ ફરિયાદો પ્રાપ્ત કરવા અને ઉકેલવા માટે ભારતમાં સ્થિત ફરિયાદ અધિકારીની નિમણક કરવાની રહેશે. ફરિયાદ નિવારણના વ્યવસ્થાતંત્રની વિગતો પ્રકાશક દ્વારા તેમની વેબસાઈટ કે ઈન્ટરફેસ ઉપર યોગ્ય સમયે રજૂ કરાશે. પ્રત્યેક પ્રકાશક સ્વ-નિયમનકારી સંસ્થાનો સભ્ય હોય તે આવશ્યક છે.

**30. પ્રકાશકને જે ફરિયાદ મળી હોય, તેના અંગે તેણે કેટલા સમયમાં નિર્ણય લેવો પડશે ?**

પ્રકાશકે 15 દિવસમાં ફરિયાદીને પોતાનો નિર્ણય જણાવી દેવો પડશે.

**31. પોતે કરેલી ફરિયાદ બાબતે પ્રકાશકના નિર્ણયની સામે ફરિયાદી અદાલતમાં અપીલ કરી શકશે ?**

હા, ફરિયાદી પ્રકાશક જે સ્વ-નિયમનકારી સંસ્થાનો સભ્ય હોય તેના નિર્ણય સામે અપીલ કરી શકે છે. આ પ્રકારની અપીલ નિર્ણય મળ્યાના 15 દિવસની અંદર કરી શકાય છે.

**32. જો પ્રકાશક 15 દિવસમાં પ્રતિસાદ ન આપે તો શું થાય ?**

જો પ્રકાશક 15 દિવસમાં પ્રતિસાદ ન આપે તો મુદ્દો બારોબાર પ્રકાશક જે સ્વ-નિયમનકારી સંસ્થાનો સભ્ય હોય તેની પાસે જતો રહેશે.

**33. સ્વ-નિયમનકારી સંસ્થા કેવી રીતે રચવામાં આવશે ?**

પ્રકાશકો અથવા તેમના સંગઠનો નિયમોમાં કરાયેલી જોગવાઈઓ મુજબ સ્વ-નિયમનકારી સંસ્થાઓ સ્થાપી શકે છે.

**34. સ્વ-નિયમનકારી સંસ્થાની રચના કેવી રીતની હશે ?**

સ્વ-નિયમનકારી સંસ્થા સર્વોચ્ચ અદાલત અથવા વડી અદાલતના નિવૃત્તિ ન્યાયમૂર્તિ અથવા માધ્યમો, પ્રસારણ, મનોરંજન, બાળઅધિકાર વગેરે ક્ષેત્રોના સ્વતંત્ર પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા નેતૃત્ત્વ ધરાવતી હોવી જોઈએ. તેમાં ઓછામાં ઓછા અન્ય છ સભ્યો આ ક્ષેત્રોમાં નિષ્ણાત હોય તેવા હોવા જોઈએ.

**35. ભારતમાં તમામ પ્રકાશકો માટે એકમાત્ર સ્વ-નિયમનકારી સંસ્થા હશે ?**

એકથી વધુ સ્વ-નિયમનકારી સંસ્થા હોઇ શકે છે, પરંતુ પ્રકાશક સ્વ-નિયમનકારી સંસ્થાનો સભ્ય હોવો જરૂરી છે.

**36. સ્વ-નિયમનકારી સંસ્થાઓનાં કાર્યો કયાં હશે ?**

સ્વ-નિયમનકારી સંસ્થા આ મુજબનાં કાર્યો કરશે :-

- પ્રકાશક આચારસંહિતાનું પાલન કરે તે સુનિશ્ચિત કરશે,
- પ્રકાશક 15 દિવસમાં જે ફરિયાદ ઉકેલી ન શક્યો હોય તેનું નિવારણ કરશે, પ્રકાશકના નિર્ણયની વિરુદ્ધ ફરિયાદીની અપીલ સાંભળશે,
- આચાર સંહિતાના અનુપાલનની સુનિશ્ચિતતતા માટે પ્રકાશકોને તે માટેનું માર્ગદર્શન અને સલાહ આપશે.

**37. સ્વ-નિયમનકારી સંસ્થાઓએ મંત્રાલયમાં નોંધણી કરાવવી પડશે ?**

સ્વ-નિયમનકારી સંસ્થા, નિયમોમાં કરાયેલી જોગવાઈઓ મુજબ રચવામાં આવી છે અને તે નિર્દિષ્ટ નિયમો અનુસાર કાર્યો કરવા માટે સંમત છે, તે બાબતે મંત્રાલય સંતુષ્ટ થશે તો મંત્રાલય તેની નોંધણી કરશે.

**38. સ્વ-નિયમનકારી સંસ્થા પ્રકાશકોને શું માર્ગદર્શન અને સલાહ આપી શકે ?**

- ચેતવણી, ધમકાવવા, સમજાવવું અથવા ઠપકો આપવો, અથવા
- પ્રકાશક પાસે માફીનામું માગવું, અથવા
- પ્રકાશકને ચેતવણી પત્રમાં સામેલ કરવા અથવા તેને અસ્વીકૃત જાહેર કરવા, અથવા
- ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટના કિસ્સામાં, પ્રકાશકને બારોબાર --
  - સંબંધિત સામગ્રીના રેટિંગને ફરી વર્ગીકૃત કરવા કહેવું, અથવા
  - સામગ્રીના વિવરણ, વય વર્ગીકરણ અને પહોંચ ઉપર અંકુશનાં માપદંડોમાં યોગ્ય સુધારા કરાવવા, અથવા
  - સંબંધિત સામગ્રીની રૂપરેખા એડિટ કરવી,

**39. ફરિયાદી સ્વ-નિયમનકારી સંસ્થા દ્વારા લેવાયેલા નિર્ણય સામે અપીલ કરી શકે ?**

હા, ફરિયાદી સ્વ-નિયમનકારી સંસ્થાનો નિર્ણય મળે તેના 15 દિવસમાં તેની સામે નિરીક્ષણકાર વ્યવસ્થાતંત્રને અપીલ કરી શકે છે.

**40. ત્રિ-સ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા હેઠળ નિરીક્ષણકર્તા વ્યવસ્થાતંત્ર (સ્તર 3) કેવું હશે ?**

માહિતી પ્રસારણ મંત્રાલય અને મંત્રાલય દ્વારા રચાયેલી આંતર વિભાગીય સમિતિ નિરીક્ષણ વ્યવસ્થાતંત્ર સ્થાપશે.

**41. આંતર-વિભાગીય સમિતિની રચના કેવી હશે ?**

મંત્રાલય દ્વારા અધિકૃત અધિકારી આંતર-વિભાગીય સમિતિનું નેતૃત્ત્વ કરશે. તેમાં ગૃહ બાબતોના મંત્રાલય, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય વગેરે જેવાં અન્ય મંત્રાલયો અને સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ ક્ષેત્રના નિષ્ણાતો સામેલ હશે.

**42. આંતર-વિભાગીય સમિતિની ભૂમિકા શી હશે ?**

આંતર-વિભાગીય સમિતિ બીજા સ્તર કે પહેલા સ્તરેથી આવતી અથવા મંત્રાલય દ્વારા રિફર કરાતી ફરિયાદો સાંભળશે અને મંત્રાલયને ભલામણો કરશે.

**43. પ્રકાશક પોતાની વાત કહી શકે તેવી તક તેને મળશે ? અને તે સમિતિ સમક્ષ પોતાનો પ્રત્યુત્તર અને સ્પષ્ટતા રજૂ કરી શકશે ?**

સમિતિને સોંપાયેલા કેસો માટે પ્રકાશક પોતાની વાત રજૂ કરવાની તક મળશે અને તે પોતાનો જવાબ અને સ્પષ્ટતા સમિતિને સુપરત કરી શકશે.

**44. છેવટે ફરિયાદનું નિવારણ કેવી રીતે થશે ?**

સમિતિ મંત્રાલયને નીચે મુજબની ભલામણો કરી શકશે:-

- આવી સંસ્થાને ચેતવણી આપવી, ધમકાવવી, સમજાવવી અથવા સખત ઠપકો આપવો, અથવા
- આવી સંસ્થા પાસેથી માફીનામું માંગવું, અથવા
- આવી સંસ્થાને ચેતવણી પત્રકમાં સામેલ કરવી અથવા તેને અસ્વીકૃત કરવી, અથવા
- ઓનલાઈન ક્યુરેટેડ કન્ટેન્ટના કિસ્સામાં બારોબાર પ્રકાશકને ----------
    - સંબંધિત સામગ્રીના રેટિંગ્સને ફરી વર્ગીકૃત કરવા કહેવું, અથવા
    - સંબંધિત સામગ્રીના સારાંશને એડિટ કરાવવા, અથવા
    - સામગ્રીના વર્ણન, વય વર્ગીકરણ અને પેરેન્ટલ કે પહોંચના અંકુશમાં યોગ્ય સુધારા કરાવવા,
    - કમિશનને લાગે કે સામગ્રી જાહેર કાયદો અને વ્યવસ્થા સંબંધિત સજ્ઞાન ગુનાને ઉશ્કેરે તેવી છે, તો તેને દૂર કરવી અથવા સુધારવી,
    - સામગ્રીના કિસ્સામાં જો સમિતિ સંતુષ્ટ હોય કે કાયદાની કલમ 69એની પેટા કલમ (1)માં નોંધાયેલાં કારણોના સંદર્ભમાં પગલાં લેવાની જરૂર છે, તો આવી કાર્યવાહીની ભલામણ કરી શકે છે.

**45. છેવટે ફરિયાદ કે અપીલ કેવી રીતે ઉકેલાશે ?**

મંત્રાલય આંતર-વિભાગીય સમિતિની ભલામણો ધ્યાન ઉપર લેશે અને પ્રકાશકે અનુપાલન કરવા માટેના યોગ્ય આદેશો કે દિશાનિર્દેશો આપશે.

**46. સરકાર દ્વારા સામગ્રી પ્રતિબંધિત કરવામાં આવે તે કોઈ નવી જોગવાઈ છે ?**

સામગ્રીને પ્રતિબંધિત કરવી એ કોઇ નવી જોગવાઈ નથી. ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ 69 એ હેઠળ વર્ષ 2009થી, એટલે કે છેલ્લાં 11 વર્ષોથી આ જોગવાઈ છે અને આ જોગવાઈનો ઉપયોગ ઈન્ફર્મેશન ટેકનોલોજી

(લોકોને માહિતી ઉપલબ્ધ બને તે માટેની પ્રક્રિયા અવરોધવી અને સલામતિ સ્થાપવી) નિયમ, 2009 હેઠળ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયના સચિવ કરી રહ્યા છે. ઈન્ફર્મેશન ટેકનોલોજી (મધ્યવર્તી માર્ગદર્શિકા અને ડિજિટલ માધ્યમોની આચાર સંહિતા), નિયમો હેઠળ આ જોગવાઈ માત્ર માહિતી અને પ્રસારણ મંત્રાલયને તબદીલ કરવામાં આવી છે કેમકે આ નિયમોનો ત્રીજો હિસ્સો માહિતી અને પ્રસારણ મંત્રાલયની દેખરેખ હેઠળ છે.

### 47. સામગ્રીને અવરોધિત કરવા સંદર્ભે શી સલામતી છે ?

શ્રેયા સિંઘલના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે કલમ 69 એ હેઠળ સામગ્રી અવરોધવાની જોગવાઈનો ઉપયોગ કરતાં અગાઉ પર્યાપ્ત સલામતિ કાર્યવાહી હોવાનું જણાવ્યું હતું. આ સલામતિ નવા નિયમોમાં જાળવી રાખવામાં આવી છે. સલામતીનાં પગલાં આ મુજબ છે:

- સામગ્રી અવરોધિત કરવાની ભલામણ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, કાયદો અને વ્યવસ્થા મત્રાલય, સંરક્ષણ મંત્રાલય, વિદેશી બાબતોના મંત્રાલય વગેરેના પ્રતિનિધિઓ ધરાવતી સમિતિ પાસેથી આવેલી હોવી જોઇએ.
- નિયમોમાં સંબંધિત પ્રકાશકને પોતાનો પ્રત્યુત્તર અને સ્પષ્ટતા, સામગ્રીને અવરોધિત કરવી જોઇએ કે નહીં તે તપાસતી સમિતિ સમક્ષ રજૂ કરવા અને સુપરત કરવાની તક માટેની જોગવાઈ છે. જો સમિતિને જણાય કે સામગ્રી અવરોધવાનો આદેશ આપવો જરૂરી છે, તો જ સામગ્રી અવરોધવામાં આવે છે.
- સામગ્રી પ્રતિબંધિત કરવાનાં કારણો લેખિતમાં નોંધવા પડશે.

**પરિચ્છેદ 6: અન્ય પાસાં**

**48. આચારસંહિતા તેમજ અન્ય પાસાંઓ સંબંધિત મુદ્દાઓ માટે પ્રકાશકો મંત્રાલયને કેવી રીતે જાણ કરશે અને કેવી રીતે સંકલન સાધશે તેમજ મંત્રાલય પણ પ્રકાશકો સાથે કેવી રીતે પ્રત્યાયન કરશે અને તેમની સાથે સંકલન સાધશે ?**

પ્રકાશકો મંત્રાલયને માહિતી પૂરી પાડીને પોતાની કંપની વિશે જાણકારી આપી શકે છે.

**49. પ્રકાશકો અને મધ્યસ્થીઓ દ્વારા કઈ બાબતો પબ્લિક ડોમેઇન ઉપર મૂકવી એટલે કે લોકો સમક્ષ જાહેર કરવી જરૂરી છે ?**

પ્રકાશકો અને સ્વ-નિયમનકારી સંસ્થાઓ પોતાને મળતી તમામ ફરિયાદો, તે ફરિયાદોનું કેવી રીતે નિવારણ કરાયું તે, ફરિયાદ સામે લેવાયેલાં પગલાં, ફરિયાદીને મોકલાયેલો પ્રતિ્યુત્તર વગેરે બાબતો માસિક ધોરણે જાહેર કરશે.

**પરિચ્છેદ 7: મંત્રાલયમાં કોનો સંપર્ક સાધવો ?**

**50. કોઈ સ્પષ્ટતા જોઈએ અથવા કોઈ શંકા હોય તો માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં કોનો સંપર્ક સાધી શકાય ?**

કોઈ શંકા હોય અથવા સ્પષ્ટતા જોઈએ તો ઈમેઇલ દ્વારા આ અધિકારીઓનો સંપર્ક સાધી શકાશે. :

- શ્રી અમરેન્દ્ર સિંઘ, નાયબ સચિવ (ડિજિટલ મીડિયા), માહિતી અને પ્રસારણ મંત્રાલય. ઈમેઇલ ઃ amarendra.singh@nic.in
- શ્રી ક્ષિતિજ અગરવાલ, સહાયક નિદેશક (ડિજિટલ મીડિયા), માહિતી અને પ્રસારણ મંત્રાલય. ઈમેઇલ ઃ kshitij.aggarwal@gov.in
- નિયમો સંબંધિત તમામ જાણકારી માહિતી અને પ્રસાર મંત્રાલયની વેબસાઈટ https://mib.gov.in/. ઉપર ઉપલબ્ધ છે.

*****